## || ૐ શ્રી સાઈરામ ||

## ॥ ૐ શ્રી સાઈ આરોગ્યપ્રદાય નમ: ॥ (૮૮)

## સારું આરોગ્ય પ્રદાન કરવાવાળા

## શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

વ્યક્તિને સારું આરોગ્ય પ્રાપ્ત થયું એટલે કેવળ શારીરિક જ નહીં, પરંતુ જેનું મન અને શરીર બન્ને જ્યારે તંદુરસ્ત (સ્વસ્થ) હશે, ત્યારે જ તેનું આરોગ્ય સારું છે એમ કહેવાશે. બન્નેમાંથી એકપણ બગડ્યું તો પણ તે રોગી જણાશે. ભગવાન બાબા પોતાના ભક્તોનું મન અને શરીર હંમેશાં સ્વસ્થ રહે તેના માટે સતત પ્રયત્નશીલ હોય છે. તેમની સતત કાળજી લેતા હોય છે. ભગવાનનું હજી એક નામ છે. ૐ શ્રી સાઈ સર્વરોગ નિવારિણે નમ: | અર્થાત્ જ્યારે પોતાના ભક્તોનું આરોગ્ય બગડવા લાગે છે, ત્યારે તેમના સમસ્ત રોગોનું નિવારણ કરીને તેમને ફરીથી નિરોગી બનાવવાનું કામ ભગવાન બાબા સહજતાથી કરે છે.

પોતાના અવતાર કાર્યના એક ભાગ તરીકે માતા ઈશ્વરમાને આપેલા વચન અનુસાર ભગવાન બાબાએ ઈ.સ. ૧૯૫૬ માં પટ્ટપતિમાં પહેલી હોસ્પિટલ શરૂ કરી. અનેક જગ્યાએ આરોગ્ય કેન્દ્રો શરૂ કર્યા. તેમની જ પ્રેરણાથી ઘણીવાર આરોગ્ય શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, પરંતુ આ બધા પર સુવર્ણ કળશ ચઢાવ્યો તે ૨૨ નવેમ્બર ૧૯૯૧ ના રોજ શરૂ કરવામાં આવેલી સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ દ્વારા. જેમાં હૃદયવિકાર, મૂત્રપિંડ વિકાર, યકૃત, નેત્રરોગ તેમજ મજ્જા સંસ્થા પરની ચિકિત્સા વિનામૂલ્ય કરવામાં આવે છે.

ખરેખર આ કાર્ય એટલું મોટું છે કે જે કેવળ ભગવાન દ્વારા જ શક્ય છે. આ બાબત કેટલાક લોકો દુર્લક્ષ (ignore) કરીને સાશક્તાથી કહે છે કે, જો ભગવાન બાબા સર્વરોગ નિવારણ કરવાની શક્તિ ધરાવે છે, તો પછી તેમને હોસ્પિટલ બાંધવાની શું જરૂર?

આવી શંકાશીલ વ્યક્તિઓના મનની શંકા ઓળખીને ભગવાન બાબા બોલ્યા - " કેટલાક લોકો વિચાર કરતા હશે કે, સ્વામી પોતાના સંકલ્પ થી જો સર્વરોગોનું નિવારણ કરી શક્તા હોય, તો પછી આટલી મોટી હોસ્પિટલની શું જરૂર? થોડા ઊંડા ઉતરીને વિચાર કરતા તેમને સમજાશે કે, કેવળ આ જ એક મોટી હોસ્પિટલ નથી, બધી હોસ્પિટલ પછી તે ક્યાંય પણ હોય તે બધી મારી જ છે. હું તે બધા પર નજર રાખતો હોઉં છું. એટલું જ નહીં, પરંતુ મને મદદ માટે વિનંતી કરનારી વ્યક્તિ, પછી તે કોઇપણ હોય, ઘરમાં, હોસ્પિટલમાં ક્યાંય પણ હશે અને કોઈપણ ભાષામાં પ્રાર્થના કરતી હશે તો પણ તે બધી મારા સુધી પહોંચે છે. તે બધી વ્યક્તિઓ મારી જ છે. મારું અસ્તિત્વ ફક્ત પ્રશાંતિનિલયમ પૂરતું મર્યાદિત નથી. જ્યારે જ્યારે કોઈપણ વ્યક્તિ, કોઈપણ જગ્યાએ શુદ્ધ અંત:

કરણથી પ્રશાંતિ માટે મને પ્રાર્થના કરે છે તે સ્થાન પ્રશાંતિનિલયમ બને છે. ”

ઉપરનું વિધાન સત્ય સાબિત કરતી આ એક કથા. એક ભારતીય કુટુંબ કેનેડામાં વસવા (સેટલ) ના હેતુથી ગયું હતું. શરૂઆતના સમયના ઘર, નોકરી, છોકરાઓનું શિક્ષણ તેમજ ત્યાં ઠરીઠામ (સેટલ ) થતા હતા એવામાં એ કુટુંબની સ્ત્રીરીનની તબિયત બગડી. તેના શરીરમાં ગાંઠો હોવાનું નિદાન થયું પરંતુ ઓપરેશન કરવાની માનસિક તૈયારી આ સ્ત્રીની નહોતી. તેમજ તેના માટે થનારો ખર્ચ, નવી નોકરીમાંથી રજા ન મળવી, આવા સંકટ તો આ કુટુંબ સામે ઊભાં હતાં જ. આ સ્ત્રીની સામે સતત તેના નાના બાળકોના ચહેરા આવતા અને મારા પછી આ બાળકોનું શું થશે, એવી ચિંતા તેને સતત સતાવતી હતી.

થોડાક વર્ષો પહેલાં શિરડી સાઈનાથની ભક્તિ કરવાવાળી આ સ્ત્રીને તેમના પુનરાવતાર વિશે એટલે સ્વામી વિશે પહેલેથી ખબર હતી, પરંતુ તે હાલમાં જ તેમની ભક્તિ કરવા લાગી હતી તેમજ તેમના પર તેની દઢ શ્રદ્ધા પણ બેસી હતી.

તેમાં જ આ સંકટ આવ્યું. તેના પર ઉપચાર ચાલુ હતા, પરંતુ કાંઈ ફેર પડતો નહોતો. તે દરરોજ સ્વામીને પ્રાર્થના કરતી. આવા અનેક દિવસ વીતી ગયા. આશા નિરાશાની રમત ચાલુ હતી. મૃત્યુનો ભય સતાવતો હતો. એટલામાં જ એક દિવસ સ્વામી આ સ્ત્રીના સપનામાં આવ્યા અને બોલ્યા-“ હું તારું લોહી બદલું છું. (I am changing your blood) " અને અત્યંત કૃપાળુ દષ્ટિથી તેની સામે જોઈને આશીર્વાદ આપ્યા. બીજે દિવસે ભારતમાંથી તેના એક ડૉક્ટર સગાંનો ફોન આવ્યો અને તેમણે તેને એક દવા લેવાની સલાહ આપી, જે ઘણી સસ્તી હતી. તે જ દિવસથી સ્ત્રીએ દવા શરૂ કરી અને તેનું આરોગ્ય જોત જોતામાં પૂર્વવત્ થયું.

સપનામાં મળેલા સ્વામીના આશીર્વાદને લીધે સંકટના કાળા વાદળ દૂર થયાં અને સંપૂર્ણ કુટુંબનું માનસિક આરોગ્ય પણ પૂર્વવત્ થયું.

અહિંયાં એક મહત્વની વાત ધ્યાનમાં લેવા જેવી છે કે, આ સ્ત્રીએ અથવા તેના કુટુંબના કોઈપણ સદસ્યએ તે પહેલાં સ્વામીના પ્રત્યક્ષ દર્શન કર્યા ન હતાં. તે છતાં સ્વામીએ આપેલા વચન અનુસાર આ કુટુંબની મદદે દોડ્યા હતા.

|| ૐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ ||